## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

જ્યારે મળીએ, જે દિ' મળીએ ત્યારે તે દિ' નવું વરસ.
મતલબ કે કો' મનથી મળવા ધારે તે દિ' નવું વરસ.
ખાસ્સા ત્રણસો પાંસઠ દિ'નો વાર્ષિક ગાળો ધરા ઉપર,
હું તો માનું : ક્ષણ જ્યારે પડકારે તે દિ' નવું વરસ.
ચહેરા પર રંગોળી, રોમેરોમે દીપક ઝળાહળા,
માણસ-માણસ રોશન બનશે જ્યારે તે દિ' નવું વરસ.
- જીતુ ત્રિવેદી.

### પાથેય

- રમેશ ઠક્કર

## નૂતન પ્રભાતે...

નવું વર્ષ આપણને શું શીખવે છે ? જે નવું છે એ પણ સમયાંતરે જુનું થઈ જાય છે. આ પદાર્થપાઠ છે..આપણા સહુનો અનુભવ છે..પંખીડાને પણ પિંજરૂ કયારેક જુનું જુનું લાગતું હોય છે..નવ્ય અવતરણ એ જિંદગીનો અનોખો આયામ છે...

જગત આખું આમ જોઈએ તો રોજ નવો અવતાર ધારણ કરતું રહે છે..યાદોનો ગુલદસ્તો રોજ નવાં પુષ્પો ઉમેરતો જાય છે..એ ઉમેરણ અડચણ ના બને એનું નામ જ કદાચ જીવન જીવવાની કળા છે..નવું એ નવલખું ત્યારે જ બને છે જ્યારે આપણે એનો સમયોચિત આદર સત્કાર કરીએ.

અમારા વિસ્તારમાં એવું કહેવાય છે કે 'નવું નવું નવ દહાડા..' એટલે કે કોઈપણ નવી વાત અંતે તો ઘરેડમાં જ પરિણમતી હોય છે..સમયનાં પણ ચોકકસ ચોસલાં હોય છે..એને જુદાજુદા આકારોમાં ઢાળવાનું કામ આપણે કરતાં રહીએ છીએ..જીવન એકવિધ નહીં વિવિધ બનવું જોઈએ..

નવું વર્ષ હંમેશાં નવી તાજગી અને નવા ઉમંગ લઈ આવે છે... પ્રત્યેક નવું પરોઢ નવાં કિરણોની અહાલેક સાથે અવતરે છે..નવો મહિનો કે નવું અઠવાડિયું પણ એવાં જ તાજગીપ્રદ લાગતાં હોય છે..આ બધાનું કારણ કદાચ આપણી સ્થગિતતા છે..આપણું આંતરમન હંમેશાં કશુંક નવું ઝંખતું હોય છે..અને એટલે જ નુતન વર્ષ આપણને ગમતું હોય છે..'કલાપી' સરસ કહે છે..

જુનું નવું જાણું અને રોઉ હસું તે તે બધું
જૂની નવી ના કાંઇ તાજી એક યાદી આપની.

સંકલ્પો લેવા કે નવાં આયોજન કરવાં એ નવા વર્ષનો ઉપક્રમ હોઈ શકે..માણસને કદાચ એકવિધતા અકળાવતી હોય છે..અને એ સતત કોઈ નવા ઉઘાડની તલાશમાં હોય છે..વિતેલું વર્ષ આમ જોઈએ તો કોઈ સમયે નવું વર્ષ જ હતું ! જગતમાં ગમે તેટલા વાદ આવે પણ આશાવાદ ની તોલે બીજો કોઈ વાદ આવી શકે નહીં..આપણી ભીતર કોઈ એવું પરિબળ સતત ધબકતું રહે છે જે આપણને કશુંક નવું અવતરવાના જાણે સંકેત આપતું રહે છે..અને એટલે જ નવા વર્ષનાં વધામણાં સહજ અને સાર્વત્રિક હોય છે..

ફરી એકવાર આપણી જીવંતતાના પ્રમાણપત્ર જેવું એક નવું વરસ આજે અવતરી રહયું છે..જે અસ્તવ્યસ્ત એવી આપણી હયાતીને સરસ અને સમરસ બનાવશે..આપણાં અરમાનો ઉપર ભીનો છંટકાવ કરશે...આપણી અભિલાષાને મુલાયમ સ્પર્શ આપશે..નવો સંચાર આપણા તનમનને વેગવંતાં બનાવશે.. આવો નવી પળોને વધાવીએ નવા માહોલને શણગારીએ...નવા વરસનો આવકાર કરીએ....

# એકવીસમી સદીનું યાદગાર વર્ષ

### તંત્રીસ્થાનેથી...

સમયનું ચક્ર નિરંતર ફરતું રહે છે. એને ઈશ્વર પણ રોકી કે ટોકી શકતો નથી. યુગપુરુષો પણ એમને મળેલ સમય સમાપ્ત થતાં વિદાય થઈ જતા હોય છે. પાછળ રહી જાય છે એમનાં સત્કર્મો કે પરાક્રમોની સુવાસ. ઈસુની એકવીસમી સદીનું એકવીસમું વર્ષ દેશ અને દુનિયા માટે ઘણું વિશિષ્ટ રહ્યું. એણે કોરોના જેવા ક્ષુદ્ર વિષાણુની પ્રચંડ મારક શક્તિનો પરચો કરાવ્યો અને માનવીની ગમે તેવી પ્રતિકૂળતા વચ્ચે પણ જીવી શકવાની ક્ષમતાનો અંદાજ પણ બતાવી દીધો. કોઈએ કલ્પના પણ નહીં કરી હોય કે વાઈરસ પીડિત વિશ્વ આર્થિક સંકટો સામે ઝઝૂમી એની મર્યાદિત તાકાતની કબૂલાત કરવા મજબૂર બની રહેશે. અમેરિકા જેવી મહાસત્તાએ વાઈરસની સામે હાર કબૂલી લીધી અને યુરોપિયન દેશો તો બેહાલ બની ગયા. વિશ્વપ્રવાસીઓને ઘરેમાં કેદ થઈ જવું પડ્યું. ઘણી બધી હવાઈ મુસાફરી વખત પૂરતી થંભી ગઈ. જેમનો એક પગ ભારતમાં અને બીજો વિદેશમાં રહેવા ટેવાઈ ગયેલો એવા આપણા માનનીય પ્રધાનમંત્રી ઘરકૂકડી બની ગયા. અલબત્ત, આવી કપરી પરિસ્થિતિમાં પણ તેઓ પ્રખર પાર્ટીનેતા તરીકે પ્રચંડ રેલીઓ યોજતા રહ્યા. આવી આકરી સ્થિતિમાં પણ કાશી વિશ્વનાથ કોરીડોરનું નિર્માણ અટક્યું નહીં. એમ દિલ્હીમાં એમના સ્વપ્ન કે સ્મારક સમી સેન્ટ્રલ વિસ્ટાનું કામ પણ ચાલુ રહ્યું તેની વિશેષ નોંધ લઈ એમની કાર્યદક્ષતાને બિરદાવવી જ રહી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ બાકરી બાંધીને દિલ્હીની સરહદો સીલ કરી બેઠેલા પંજાબ-હરિયાણા અને ઉત્તરપ્રદેશના જાટપંથકના ખેડૂતોએ જીવ સટોસટ આંદોલન ચલાવીને કોરોના કી ઐસીતૈસી કરી નાખી. જો કે સમીકરણ મુદ્દે અન્ય દેશોની લગોલગ આ વિશાળ દેશની પ્રજાને પણ રસી અપાઈ શકી, તે સરકાર ઉર્ફે વડાપ્રધાનના તાજનું મેઘધનુષી છોગું જ ગણાશે. ચીન અને પાકિસ્તાન સાથે ખેંચતતાણ જરૂર થતી રહી પણ જેવી ઘણા બધાને બીક હતી એવું કોઈ 'યુદ્ધ' જોવા ન મળ્યું તે પણ આપણી સેના અને સરકાર માટે તથા દેશ આખા માટે ગર્વ લેવા જેવી જ બાબત ગણાય. નહીંતર ચીનના ચાળા તો ચાલુ જ રહ્યા છે અને પાકિસ્તાન તો ચીન કયારે ભારત પર હુમલો કરે એની રાહ જ જોઈ રહ્યું છે. વૈશ્વિક રાજકારણમાં સમીકરણો બદલાયા છે. આજનું ભારત એ પંડિત નહેરુનું ભારત નથી જેને ઊંઘતું ઝડપી લઈ એની હજારો કિલોમીટર જમીન પર ચાઈનીઝ ડ્રેગને કબજો જમાવી લીધો. જો કે કબજો જમાવવાની કુટેવ ચીની શાહુકારે ચાલુ જ રાખી છે તે પણ નોંધવું જોઈએ. અફઘાનિસ્તાનમાંથી અમેરિકાની સેનાએ નામોશીભરી વિદાય લીધી અને દુનિયા ગમે તેટલી ટીકા કરતી રહી પણ તાલિબાનનો વાળ વાંકો નથી કરી શકી. તાલિબાનની જીત હકીકતમાં તો કપટી પાકિસ્તાનની જીત ગણાવી જોઈએ. સાવ ખાડે ગયેલા અર્થતંત્ર વાળા દેવાળિયા દેશ સામે અમેરિકા કે ભારત ઝાઝું કંઈ જ નથી કરી શક્યા તે હકીકત છે. પાકિસ્તાન અમેરિકાનો ખોળો છોડી ચીનના ખોળામાં ભરાઈ ગયું છે ને મજા કરે છે. અફઘાનિસ્તાનની મજબૂર મહિલાઓ માટે વિશ્વના શાણા માણસો કશું જ કરી શકતા નથી એ પણ ૨૦૨૧ની એક વિડંબના છે ! હવે આપણા નેતાઓને તો ચૂંટણી જીતવા સિવાય બીજી કશી એષણા રહી જ નથી. ગુજરાત હોય કે ઉત્તરપ્રદેશ, બંગાળ હોય, મહારાષ્ટ્ર હોય કે ગોવા : આપણા રાજકીય નેતાઓનું એક માત્ર લક્ષ્ય સત્તા કબજે કરવાનું અને પછી યાવચ્ચંદ્ર દિવાકરૌ એ પદો પર આરૂઢ થઈ મોજમસ્તી કરતા રહેવાનું જ રહેશે. ગુજરાતમાં માથામાંથી જૂ કાઢીને ફેંકી દેતા હોય એમ દિલ્હીવાસી નેતાઓએ અગાઉની સરકારને મૂળ સમેતી ઉખાડીને ફેંકી દીધી છતાં કોઈએ ઊનો ઊંહકારો પણ ન કર્યો તે ભારતીય જનતા પાર્ટીના વર્તમાન નેતૃત્વની પ્રચંડ તાકાતનો પુરાવો છે. કોંગ્રેસ એનું ઘર સરખું કરી શકતી નથી અને એમાં એક જ ઘરના શાસનને પડકારી શકતી નથી. એ ૧૩૭ વર્ષ જૂનો રાષ્ટ્રીય પક્ષ બોદાઈ ગયેલા લાકડાની જેમ ખખડી ગયો છે. એને નવા અંકુર ફૂટે એવી કોઈ શક્યતા વરતાતી નથી. આમ આદમી પાર્ટી હજી દિલ્હી બહાર પાંખો પસારી શકી નથી. નેતાઓને ભણાવી ગણાવી પોપટ બનાવવાનો ઈજારો રાખતા 'પીકે' ઘડીક આમ તો ઘડીક તેમ નસીબ અજમાવતા ફરે છે. એમને પણ કોંગ્રેસનું ભવિષ્ય તો ધૂંધળું જ દેખાય છે. છતાં કોંગ્રેસ વગરનો વિપક્ષ ભારતીય જનતા પાર્ટીનો સામનો કરી શકે જ નહીં - એવું ઈમાનદારી ભર્યું વિધાન કરી શકે છે. જેવું હતું એવું ૨૦૨૧ વિદાય લઈ રહ્યું છે. ભૂલકાં શાળાએ જતાં થયાં છે. ઓમિક્રોન ફરી પાછું લોકડાઉન ના કરાવે અને ગ્લોબલ સમિટ સમીસૂતરી પાર ઊતરે એવી પ્રાર્થના કરીએ...

# કોરોના ટેસ્ટમાં દરેક વખતે લેબોરેટરી સાચી જ હોય છે?

## કોરોનાનો એક લેબમાં રિપોર્ટ પોઝિટિવ આવ્યો તો બીજી લેબમાં નેગેટિવ કેમ આવે છે ?



### તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર

આજે ગાંડાભાઈ નામ પ્રમાણે ખીલ્યા હતા. ગાંડાભાઈ આજે ખરેખર ગાંડા થયા હતા. અરે યાર શું વાત કરું ? આપણે તો ભારતની જ વાત કરીએ છીએ. અમેરિકામાં પણ લેબોરેટરીમાં લોચા હોય છે. અમારા એક સગા જે અમેરિકાથી ભારત આવવાના છે. એમણે ૨૫૦ ડૉલર ખર્ચીને કોરોનાનો ટેસ્ટ કરાવ્યો. ૧ જણાએ ૫૦૦ ડૉલર ખર્ચીને કોરોના ટેસ્ટ અમેરિકામાં કરાવ્યો. ૪૮ કલાકમાં રિપોર્ટ ના આવ્યો. મેઈલ પણ નહીં અને વોટ્સએપ પણ નહીં. લેબમાં જઈને તપાસ કરતા એવો જવાબ મળ્યો કે તમારું સેમ્પલ ખોવાઈ ગયું છે. હવે ભારત આવવાની ટીકીટ લીધેલી હતી. રિપોર્ટ વગ્ર કેમ અવાય ? એરપોર્ટમાંથી પ્લેન સુધી કેવી રીતે પહોંચવાનું ૨ લેબવાળાને કહ્યું કે ભાઈ આ બહુ અરજન્ટ છે તમે જલ્દી કરી આપો.

અરજન્ટ ટેસ્ટ કરવાના ૫૦૦ ડૉલર એટલે ૨ જણાના થઈને ૧૦૦૦ ડૉલર. ભાઈ ૧૨ કલાક બાકી છે. તુ જલ્દી કરી આપ. તું ૨ કલાકમાં આપી દે. રિપોર્ટ તો ૨ કલાકમાં આવ્યો એમાં બહેનનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો અને ભાઈનો રિપોર્ટ નેગેટિવ આવ્યો. બોલો હવે શું કરવાનું ? એક તો માંડ માંડ વધારે પૈસા ખર્ચીને ટીકીટ મળે છે અને કોવિડ આવ્યા પછી ટિકિટના ભાવ આસમાને ચડી ગયા છે. અમારા એક વડીલ મિત્રએ સલાહ આપી કે એરપોર્ટ ઉપર તમે ફરી ટેસ્ટ કરાવો જે તમને ત્રણ-ચાર કલાકમાં કરી આપે છે. ત્યાં ટેસ્ટ કરાવો તો ખરા. પોઝીટીવ આવે તો પાછા આવતા રહેજો. હવે દવાખાનામાં જવાની જરૂર નથી. નેગેટીવ આવે તો પ્લેટનમાં ચડી જજો. આ બંને પતિ-પત્ની એટલે કે સોનલબેન અને કેતનભાઈ બંને માલ-સામાન સાથે એરપોર્ટ પર પહોંચી ગયા. બંને જણાએ ૫૦૦-૫૦૦ ડૉલર આપીને કોરોનાનો ટેસ્ટ કરાવ્યો. સાહેબ ૨ કલાક પછી બંને રિપોર્ટ નેગેટીવ આવ્યા. એટલે કેતનભાઈ અને સોનલબેન અમદાવાદ પહોંચી ગયા.

હવે ગાંડાલાલથી રહેવાયું નહીં. ભારતમાં તો આવું થાય. પણ અમેરિકામાં પણ આવું થાય ?

વિપુલથી રહેવાયું નહીં. કાગડા બધે કાળા જ હોય. ધોળો કાગડો જોયો કયાંય ? હવે તો કોરોનાનો ટેસ્ટ કરાવાનો વિશ્વાસ નથી રહ્યો.

નિલેષ બોલ્યો હમણાં ઊંધું થયું. અમદાવાદમાં એક લેબમાં કોરોનાનો ટેસ્ટ પોઝીટીવ આવ્યો. જેમને અમેરિકા જવાનું હતું. આ પ્રકારભાઈએ જ લેબ ટેસ્ટ નહોતી કરતી અને ખાલી સેમ્પલ લેતી હતી.તેમને ત્યાં જઈને કહ્યું કે મારો રિપોર્ટ નેગેટીવ આવવો જોઈએ. મારે પૈસાનું શું ? ટિકિટ બહુ મોંઘી છે. અને આશ્ચર્યની વચ્ચે એમની બીજી લેબએ રિપોર્ટ નેગેટિવ આપ્યો. પ્રકાશભાઈ ઊડી ગયા. અને ત્યાંથી એમને ICMR માં ફરિયાદ કરી. પોઝીટીવ લેબવાળાએ ICMR ને આ ટેસ્ટ પોઝીટીવ જ એવું સાબિત કરી બતાવ્યું. જે લેબને નેગેટિવ રિપોર્ટ આપ્યો હતો ત્યાં પણ ફરીથી ટેસ્ટ કર્યો એ નેગેટિવ જ આવ્યો. એનો અર્થ એ થયો કે બીજી લેબમાં બીજા માણસનું જ સેમ્પલ અપાવ્યું હતું. આ બીજી લેબ જેમણે સેમ્પલ મોકલ્યું હતું. એ કલેકશનવાળી લેબને સીલ મારી દેવામાં આવ્યું.

આ બધી વાત ડાહ્યાલાલ શાંતિથી સાંભળતા હતા. ડાહ્યાલાલ બોલ્યા ભાઈ, એકવાર કોરોનાનો રિપોર્ટ પોઝીટીવ હોય તો તમારે તમારા માટે, કુટુંબ માટે, સમાજ માટે પોઝીટીવ જ ગણવો જોઈએ. નેગેટિવ આવવાના કારણોમાં એક કારણ એવું હોય કે સાચી જગ્યાએથી નાક અને ગળામાંથી બરાબર સેમ્પલ લેવાયું ન હોય. લેબમાં કદાચ સેમ્પલ બદલાયું હોય, કદાચ વાયરલ લોડ ઓછો હોય એટલે તમારે જો તમને તકલીફ હોય, તાવ હોય, શરદી હોય, શરીર તૂટતું હોય અને નેગેટિવ રિપોર્ટ આવે તો બે વાર કરાવવો જોઈએ. એટલે ડાહ્યાલાલે ફરી કહ્યું આમાં ખોટો નેગેટિવ રિપોર્ટ આવે પણ ખોટો પોઝીટીવ રિપોર્ટ PCR માં ના આવે કારણ કે PCRની ચોકસાઈ PCR જ હોય છે. એટલે ૧૦૦માંથી પોઝીટીવ કેસમાં પણ ૩૦ લોકોને નેગેટિવ આવે કારણ કે આ PCR ની ચોકસાઈની વાત છે... એટલે ફરી કહું છું પોઝીટીવ રિપોર્ટ પોઝીટીવ જ હોય. નેગેટિવ રિપોર્ટ નેગેટિવ ન માનવો. પોઝીટીવ રિપોર્ટ સાચો જ હોય છે.

### દિન મહિમા

- વિશ્વ એઈડ્સ દિવસ
  વિશ્વ એઈડ્સ દિવસ ૧૯૮૮ થી દર વર્ષે ૧ ડિસેમ્બરે ઉજવવામાં આવે છે. તેનો હેતુ HIVના સંક્રમણના ફેલાવાને કારણે થતા એઈડ્ઝ રોગચાળા અંગે જાગૃતિ લાવવાનો છે.

આજનું

### ઔષધ

- આંજીરવાળું દૂધ પાવાથી બાળકોને સારું પોષણ મળે છે.

### ખડખડાટ

- એક ભાઈ દવાખાને ... ઉધરસ ખાતા આવ્યા...

ડોકટર તથા સ્ટાફે તરત પકડી લીધા.... ઓલા ભાઈ કાઈક બોલવા જાતા હતા તો બોલવા પણ નો દીધા.... તરત કોરોના રિપોર્ટ કર્યો....

પછી ડોક્ટર સાહેબે અભિનંદન આપતા કહ્યું, કે રિપોર્ટ નેગેટિવ છે.... પેલો ભાઈ કહે હરામખોરો બોલતા તો દયો...

અહીં મારા નાના ભાઈની વહુ નર્સ છે... એને ટીફીન વગર આવી હતી... હું ટીફીન દેવા આવ્યો હતો...

જેઠ થાઉ... એટલે ખોખારા... ખાતો હતો... હમારીઓ...

આજનો

### વોટ્સએપ

- સાથ જો સાચ
  ઈશ્વરના ન્યાયની ચક્કી ધીમી જરૂર ચાલે છે, પણ બહુ જ બારીક પીસે છે....
  'ભલાઈ કરતા રહો વહેતાં પાણીની જેમ બુરાઈ પોતે જ કિનારે લાગી જશે કચરાની જેમ.'

# સંતોના બાગનું મહેકતું પુષ્પ : સંત ત્રિકમ સાહેબ



### ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

સંતો તેમજ તેમની વાણીએ સમાજને હમેશા સંવાદિતા તેમજ સ્નેહપૂર્ણ સમન્વયની અમૂલ્ય ભેટ આપી છે. મધ્યયુગના અનેક સંતોની વાણીના પ્રતાપે આપણું સમાજ જીવન વિશેષ ઉજળું થયું છે. બાહ્ય આક્રમણો કે વિપત્તિઓ સામે ટટ્ટાર ઊભું રહી શક્યું છે. ધર્માંધતા સામે સમાજને રક્ષણ તથા પ્રેરણા પૂરા પાડ્યા છે. અહીં કોઈ વિતંડાવાદને સ્થાન નથી. સાંપ્રદાયિક બંધનો પણ નથી. પરમ તત્વ સાથે સીધો સંબંધ તેમજ સંવાદ છે. સંતોની દ્રષ્ટિ સર્વ સમાવેશક છે. 'અઢારે વરણલ્ર સામે તેમની દ્રષ્ટિ અમીભરી છે. જ્ઞાતિ કે સ્ત્રી પુરૂષનો ભેદ આ સંતોને સહેજ પણ મંજૂર નથી. કહેવાતા સ્થાપિત મૂલ્યોને પડકારવા આ સંતો કેટલીકવાર બગાવતની વાણીમાં બોલ્યા છે. નરસિંહ ઉન્નત નાદે ગાય છે :

એવા રે અમે એવા
તમે કહો તો વળી તેવા
ભક્તિ કરતાં જો ભ્રષ્ટ કહેશો
તો કરશું દામોદરની સેવા.

ત્રિકમ સાહેબ એ આજ સંતોની ઉજળી આકાશગંગાનો એક સ્વયં પ્રકાશિત હિસ્સો છે. નરોત્તમ પલાણ ત્રિકમ સાહેબને 'સમન્વયનું સંતાનલ્ર કહે છે તે સર્વથા ઉચિત છે. સંતોની આ પરંપરામાં મહેનતકશ વર્ગના અનેક નામો સામે આવે છે. આ સંતો પરજીવી નથી. રાજવીઓ કે શ્રેષ્ઠિઓની દયા પર નિર્ભર નથી. આતો અલખધણીના આરાધક છે. બાવડાના બળે મજૂરી કરીને પોતાના કુટુંબનું ભરણપોષણ કરે છે. એટલુંનજ નહિ પરંતુ અભયાગતને કદી ભૂખ્યો – તરસ્યો પાછો જવા દેતા નથી. કબીર વણકર છે, ધાગામાં જ્ઞાન પરોવીને જગતને ચકિત કરે છે. નામદેવ દરજી કામ કરે છે. રબારી સમાજના રતન સમાન દેવીદાસ દેહની પીડાથી ત્રસ્ત થયેલા અનેક દુઃખીજનોની ભાવથી સેવા કરે છે. આયરની દિકરી અમરમા એ સંસારાના કોડ નાની ઉમરે નીતારીને સંતના ચરણોમાં માનવસેવાનો ભેખ લઈને બેઠા છે. ત્રિકમ સાહેબ (૧૭૨૬-૧૮૦૧) પણ આ પરંપરાની ઉજળી ધરોહરને વિશેષ શોભાયમાન કરનાર ભક્ત છે. કવિ છે તથા સમાજસેવક પણ છે. તેઓ સમગ્ર સમાજ પર હેત વર્ષા કરીને હરિને પામવાના પ્રયાસ કરે છે. સંત ત્રિકમદાસનો જન્મ વાગડ (કચ્છ)માં કાગનોરા ડુંગરની તળેટીમાં વસેલા રામવાવ ગામમાં થયો હોવાનું નોંધાયું છે. જેમનું સમાજ પર મોટું ઋણ છે તેવા રવિભાણ સંપ્રદાયના એ સુપ્રસિધ્ધ સંત છે. સમાજ જેને ઉતરતી જાતિ તરીકે ગણતો હતો તેવી જ્ઞાતિમાં ત્રિકમ સાહેબ પ્રગટ્યા હતા. રવિભાણ સંપ્રદાયના સંત એટલે પોતાના જ્ઞાનરૂપી સૂર્યથી તેઓ ઝળહળી ઊઠ્યા હતા. જાણીતો દુહો છે જે જાતિના બદલે જ્ઞાનનું વિશેષ મૂલ્ય છે તે સમજાવવા પ્રયાસ કરે છે.

જાતિના પૂછો સાધુકી,
પૂછ લિજિયે જ્ઞાન,
મોલ કરો તલવારકા,
પડા રહનદો મ્યાન.

ગુરુનું સ્થાન તથા માન એ રવિભાણ પરંપરામાં ખૂબ ઊંચું છે. ત્રિકમ સાહેબ પણ રામગુરુનો પ્રસાદ પામ્યા છે. રામગુરુનું દર્શન એ ત્રિકમ સાહેબના જીવનનો મહત્વનો પડાવ છે. રામગુરુના ધૂણાને સંકોરતા તેમજ તેની પવિત્ર અગ્નિને સતત પ્રજ્વાળતા રહેતા ત્રિકમ સાહેબ ભક્તિના ઊંડા રંગે રંગાયેલા છે. ત્રિકમ સાહેબની આ ઉત્કટ ભક્તિના પ્રતાપે ખીમ સાહેબ જેવા સમર્થ ગુરુ તેમને પ્રાપ્ત થાય છે. જગતની સચરાચર જીવસૃષ્ટિ તરફનો ભાવ એ સંતોના જીવનમાં વણાયેલી વૃત્તિ છે. ત્રિકમ સાહેબ, તેમના પિતા તેમજ સમગ્ર પરિવાર ખેતી તથા વણાટ કામમાં પરસેવો રેડીને પેટ ભરે છે. આ સ્થિતિમાં પણ તેમના અંતરની ઉદારતા ઘણી ઊંડી છે. ત્રિકમ સાહેબની ઉદારતાનો ભાવ પ્રગટ કરતો એક કિસ્સો નોંધાયો છે. જીવમાત્ર તરફ અનન્ય ભાવ એ ત્રિકમ સાહેબના લોહીમાં વણાયેલી બાબત છે. ગામડાઓમાં ખેતી કરતા શ્રમિકો એ પોતાના પાકને બચાવવાના હેતુથી પંખીઓને ઉડાડવા માટે ખાસ વ્યવસ્થા કરતા હોય છે. માંચડા પર બેસીને પણ ખેડૂતો ગોફણની મદદથી દૂર સુધી નાના પથ્થર ઉડાડીને પંખીઓને ઊભા પાકના દાણા ચણતા રોકતા હોય છે. પંખીઓ માટે તો આ ખુલ્લું તથા રેઢુ પડેલું ધાન્ય એજ જીવતર ટકાવવાનો એક માર્ગ છે. ત્રિકમ સાહેબ પણ પોતાના ધાન્યથી લચી પડેલા બાજરાના પાકનું રક્ષણ કરવા બેઠા હતા. પોતે સંસારી હતા પરંતુ સંસારની માયા – મમતાથી પર હતા. આથી આ ભોળા પંખીઓને ઉડાડી મૂકવાની રીતથી તેઓનો આત્મા ડંખતો હતો. તેથી તેઓ તે પ્રમાણે કરતા ન હતા. આથી આસપાસના વિસ્તારના પણ તમામ પક્ષીઓ આ ઉદાર મનના ધરતીપુત્રની દયાવૃત્તિને કારણે નીરાંત કરીને દાણા આરોગતા હતા. પક્ષીઓની પ્રસન્નતાથી ત્રિકમ સાહેબ વિશેષ પ્રસન્ન હતા. 'વિશાળે આ જગ વિસ્તારે નથી એકજ માનવીલ્ર વાળી કવિ ઉમાશંકરની જાણીતી પંક્તિના હૂબહૂ અમલની આ ઉત્તમ ઘડી હતી. ત્રિકમ સાહેબની આ ઘટનાના સંદર્ભમાં વિનોબાજીની ભૂદાનયાત્રાનો એક પ્રસંગ યાદ આવે છે. બાબા પોતાની દીર્ઘ પદયાત્રામાં ગામડાઓ તેમજ ખેતરો ખૂંદતા વિચરણ કરતા હતા. વહેલી સવારના પહોરમાં તેઓ જોતાં કે ઘણાં ખેડૂતો પોતાનો ઊભો પાક ચણી જતા પક્ષીઓને ઉડાડતા ન હતા. વિનોબાજી પદયાત્રામાં થોડો વિરામ લઈને ખેડૂતોને પૂછે છે કે તેઓ પોતાના પાકને નુકસાની કરતા આ પક્ષીઓને ઉડાડતા કેમ નથી. ખેડૂતો વિનયથી જવાબ આપે છે : ''બાબા,આ તો રામ પ્રહર છે. વહેલી સવારના આપ્રહરમાં તો પક્ષીઓને ઉડાડી શકાય નહિ.લ્ર જાણ્યે અજાણ્યે ભીતરમાં ભંડારેલી આ ભાવના એ પણ અગણિત સંતોની વાણીના પ્રભાવે વિકસી હશે તેમ જરૂર કહી શકાય. ત્રિકમ સાહેબ જેવા સંતોની વાણીનું આજે પણ એટલુંજ મૂલ્ય છે. તેમની વાણી ગંગોત્રીની ધારા સમાન નિર્મળ તથા જનહીતકારી છે. ડૉ. નાનાલાલ ગોહિલ તેમજ ડૉ. સુનિલ જાદવના અભ્યાસપૂર્ણ ગ્રંથોમાંથી અનેક સંતોના જીવન તથા કવનનું વિગતે દર્શન થાય છે. આ સંતો આપણાં જીવનનું ચાલકબળ બન્યા છે. તેમના જીવનમાં જાત-પાત કે કોઈ સંપ્રદાયના બંધનો નથી. સંતોનો સમર્પણ ભાવ પ્રેમલક્ષણા ભક્તિ તેમજ ગુણ પરત્વેનો છે. રામાનુજાચાર્યએ લખ્યું છે :

ન જાતિઃ કારણં લોકે ગુણાઃ કલ્યાણ હેતવઃ

# આયુધોના ઓથાર વચ્ચે,આત્મજ્ઞાનની આરાધના કરાવતો ગ્રંથ એટલે ગીતા



### સંવેદનનું સ્ટેટસ

રમેશ ઠક્કર

ભારતીય સંસ્કૃતિમાં ધાર્મિક ગ્રંથોનું આગવું પ્રદાન છે.રામાયણ એક નીતિકાવ્ય છે,તો મહાભારત એ વ્યાપક સમાજશાસ્ત્ર છે..મહાભારતમાં ભગવાન વેદ વ્યાસે એક લાખ જેટલા શ્લોકોમાં સંસારની તમામ ઘટનાઓ,ખૂબીઓ અને ફિલસૂફીને બખૂબી વર્ણવ્યા છે..રામાયણ એક આદર્શ પ્લેટફોર્મ છે...જ્યાં માણસ મર્યાદાઓ વિવેક અને ઉચ્ચ મૂલ્યોથી અવગત થઈ શકે છે.

આપણે વાત કરવી છે એક નાનકડા પણ ચમત્કારિક ગ્રંથની..ભગવદગીતા એ મહાભારતનો અર્ક છે..એની સંરચના જુઓ..અઢાર પર્વના મહાભારતમાં બરાબર વચ્ચે છ પર્વ પછી એ આવે છે. એકતરફ સાત અક્ષૌહિણીએ સેના અને બીજી તરફ અગિયાર અક્ષૌહિણી સેના અને એની મધ્યમાં થતો આ સંવાદ..શું ગૂંથણી છે કવિની.! આયુધોના ઓથાર વચ્ચે આત્મજ્ઞાનની આરાધના એટલે ગીતાજી.

એક એક શ્લોક અદ્ભૂત..સાતસો શ્લોકોમાં આલેખાયેલી એક મનભાવન કૃતિ ..મોટાભાગે અનુષ્ટુપ છંદમાં એ ચાલે છે.આમછતાં પ્રત્યેક શ્લોક નવિનતાપ્રેરક લાગે છે..સતત તાજગી એ ગીતાનો ભાવ છે..એક સળંગ સંદેશ અને એના માટેની માનસ શાસ્ત્રીય તાલીમ...ગુરૂ શિષ્યનો ભાવ પણ બે મિત્રોનો મનનીય સંવાદ..એક હતાશ માણસની સામે જગતની વ્યાપકતાને પામી ગયેલ પૂર્ણ પુરુષોત્તમ..કેવો અનુપમ સુયોગ ! ભગવાન વેદ વ્યાસ જાણે ઉત્તમ નાટયકાર પણ છે.

આપણે જેને ખલપાત્ર તરીકે ઓળખીએ છીએ એ ધૃતરાષ્ટ્રના પ્રશ્નથી ગીતાની શરૂઆત થાય છે..એ સહજ ભાવે પૂછાય છે પણ એમાં માણસમાત્રનો આસકિતભાવ જાણે શબ્દદેહ પામ્યો છે..ભીષણ રણભૂમિની વચ્ચે મામકાઃપાંડવાઃ 'કિમકુર્વત સંજય ?' એમ પોતાના સેવકને એક વિવશ રાજા પુછે છે..જે મનુષ્યના સ્વાર્થ માટેની ઉત્તમ અભિવ્યક્તિ છે..'મામકા-પાંડવા' એ સાહિત્યમાં અમર થઈ ગયેલા શબ્દો છે. સંજય એ કોમેન્ટેટર છે. જે બિલકુલ તટસ્થ ભાવે ધૃતરાષ્ટ્રને બયાન કરે છે.. ન ટીકા ન ટિપ્પણ..ધૃતરાષ્ટ્ર આ એક જ શ્લોક બોલે છે. એ પછી એ કયાંય કશું પુછતા નથી..પણ સંજયને એ સતત સાંભળી રહયા હોય એવું આપણને લાગે છે...કથનની આ કમાલ છે..ભગવાન વેદ વ્યાસ કમાલના સંવાદ લેખક છે !

આખી ગીતા એક કાવ્ય સ્વરૂપે વહે છે. એ પછી વચ્ચે વચ્ચે ઉદઘોષક સંજય દેખા દે છે. પણ મુખ્ય સંવાદ કૃષ્ણ અને અર્જુન વચ્ચે ચાલે છે... ભગવાન વેદ વ્યાસે આ સમગ્ર ચર્ચામાં કૃષ્ણ ભગવાન માટે સત્યાવીસ જેટલાં જુદાં જુદાં નામો પ્રયોજયાં છે...તો અર્જુન માટે પણ અલગ અલગ ઓગણીસ જેટલાં નામોનું વૈવિધ્ય આપ્યું છે..કૃષ્ણ માટે અનંતરૂપ અચ્યુત કેશવ ગોવિંદ જનાર્દન પુરૂષોત્તમ મધુસૂદન મહાબાહુ માધવ વાસુદેવ હરિ એમ અર્જુન સંબોધન કરે છે. તો અર્જુન માટે પણ કેવાં વૈવિધ્યસભર નામો... કપિધ્વજ.. કુરૂશ્રેશ્ઠ.. કૌન્તેય.. ધનુર્ધર.. પરંતપ..પાર્થ.. પાણ્ડવ... ભારત જેવાં નામો રસપ્રદ રીતે આવે છે..આવી રસપ્રદ પાત્રસૃષ્ટિ આ ગ્રંથના ગુલદસ્તા જેવી છે. ગીતાના અઢાર અધ્યાયો અને એ તમામના વિષય વિભાગો બેમિસાલ છે..વિષય નિરૂપણમાં ભગવાન વેદ વ્યાસના પેંગડામાં પગ નાખવો આજના સર્જક માટે પણ મુશ્કેલ કામ છે

અર્જુનવિષાદયોગથી શરૂ થઈ મોક્ષ સન્યાસયોગ સુધી વિસ્તરતી ગીતા આપણને વચ્ચે વચ્ચે અનાસકિત.. કર્મયોગ...વિભૂતિયોગ.. ભકિતયોગ જેવા ગહન વિષયો માં પણ સહેલગાહ કરાવે છે..વિનોબાજીએ 'ગીતા પ્રવચનો' નામે સુંદર દોહન કર્યું છે...જેમાં એમણે લખ્યું છે 'ગીતા અને મારો સંબંધ તર્કની પેલે પારનો છે..' ગીતા આપણને વિશ્વરૂપ દર્શન કરાવે છે. એ આપણા સંશયને ઉઘડવા દે છે..સ્વયં ભગવાન જેના સારથી હોય એ પણ ડરપોક બની બેસી જાય છે. આસક્તિ અનુભવે છે..ગીતા આપણી અંદરના શાશ્વત ચૈતન્યને સ્પર્શ આપે છે..આપણને દોરનાર સ્વયં કેશવ છે છતાં આપણે ભટક્યા કરીએ છીએ..

કૃષ્ણ આપણને સ્થિતપ્રજ્ઞ બનાવે છે..સુડતાલીસમા શ્લોકમાં એ 'સંભવામી યુગે યુગે..' કહી આપણને કાયમી ગેરંટી આપે છે..દરેક યુગમાં આપણી મદદે આવવાની.ગીતામાં તમે સંશય કરો એનો નિષેધ નથી પણ એમાં શ્રધ્ધા હોવી જોઈએ..ભગવાન પોતે અર્જુનના તમામ સવાલો સાંભળે છે..એ ફકત પોતાનામાં વિશ્વાસ રાખવાનું કહે છે..'તું જેને પોતાના માની એના મૃત્યુથી ડર પામી રહ્યો છે એ બધાને હું અનેક વખત હણી ચુક્યો છું..!' એવું એ મક્કમપણે કહે છે..અને ફક્ત અનાસકત ભાવ ધારણ કરવાનું કહે છે... એમાં સત્ય પણ છે અને આદેશ પણ સમાયેલો છે..

માણસ એ જીવંત પ્રાણી છે..સતત કર્મ મનુષ્ય માટે અનિવાર્ય છે...કર્મ કરવું એ જ આપણા હાથની વાત છે... કર્મફળ એ માધવની ચિંતા છે..છતાં માણસે ફળ માટેની મહેચ્છા મારી નાખવાની નથી..ભરપુર જીવનરસ અને અવિરત કર્મયોગ માણસને ચેતનવંતો રાખે છે..પ્રથમ નજરે અટપટી લાગતી આ વાત એક ઉત્તમ જીવનમંત્ર છે..કોઈપણ કામ જ્યારે સ્વાર્થની ભાવનાથી થાય ત્યારે એમાંથી હંમેશાં વિષાદ જ મળે..નિષ્કામ કર્મ એ ગીતાનો મર્મ છે..'મારી હૂંડી તમારે હાથ રે શામળા ગીરધારી' એમ જ્યારે નરસિંહ કહે છે ત્યારે એણે ભગવદગીતાનો આ સંદેશ બરાબર પચાવ્યો છે એમ કહી શકાય.

હરીન્દ્ર દવે એ 'કૃષ્ણ અને માનવસંબંધો' નામે અદ્ભુત પુસ્તક લખ્યું છે..ગીતામાં કૃષ્ણ અર્જુન સંવાદ એ ઉચ્ચતમ માનવસંબંધોની અભિવ્યકિત છે. રવિશંકર મહારાજ લોકભાષામાં સરળ વાણીમાં પ્રવચનો કરી ગીતાબોધ સમજાવતા..એ સાથે એ સતત કર્મયોગ પણ કરતા..એમાંથી કશું ભૌતિક મેળવવાની એમને લેશમાત્ર અપેક્ષા ન હતિ. અમારા પંથકમાં એ લોકકલ્યાણના કામો માટે મુકામ કરતા ત્યારે રાત્રી દરમ્યાન એ ગીતાસાર વર્ણવતા.ગામડાઓમાં લોકો સામે બેસી ખાતે એમણે કરેલાં ગીતાપ્રવચનો યાદગાર છે..આવા અનેક લોકસેવકો સંતો અને કથાકારોએ ગીતાવાણીને સતત વહેતી રાખી છે..વિનોબાજીનાં ગીતા પ્રવચનો વારંવાર આચમન કરવા જેવાં છે.ગીતાને એ સામ્યયોગ કહે છે.એમના માટે એ જીવનગ્રંથ હતો.

આટલી જીવનસમજણ અને સાર્થક સંવાદ પછી અંતે કૃષ્ણ ભગવાન તરફથી અર્જુનને કોઈ ફરજિયાત આદેશ નથી..અંતિમ શ્લોક અદ્ભૂત છે..એ અર્જુનને કહે છે 'તુહી..તુહી..તુહી..' હે અર્જુન આ જે બધું મેં તને કહયું તે બરાબર સાંભળ્યું ને ?હવે પૂરો વિચાર કરીને તને જે સૂઝે એ કર..' જીવ માટે પરમાત્મા તરફથી કોઈ બંધન નથી..છેવટે તો માણસ પોતે જ પોતાનો નિર્ણય કરે એ ઉત્તમ વાત ગણાય. ખૂબ જ ગહન અને અર્કરૂપ આ વાત એક જ પંક્તિમાં કહીને વેદ વ્યાસે કમાલ કરી છે.

ભગવદગીતા સર્વકાલીન સર્જન છે.જગતમાં જ્યારે પણ કોઈ મનુષ્ય મૂંઝાય કે અવઢવ અનુભવે ત્યારે એને આપદધર્મ ગીતા શીખવે છે.આજે પણ ઠેર ઠેર ગીતા વંચાય છે.એનું પઠન થાય છે. અનેક મહાપુરૂષો ગીતાના અધ્યયન થકી જીવનનો અર્થ પામ્યા છે. એના વિષે ખુબ લખાયું છે. આમછતાં જયારે પણ ગીતા વાંચીએ ત્યારે નીત નવો અર્થ એમાંથી મળે છે. એ હંમેશાં તાજો અને દરેક યુગમાં પ્રસ્તુત લાગતો ગ્રંથ છે..આ અજાયબી એ જ એની વિશેષતા છે..!

- (rrthakkar2@gmail.com)